ગાંધીનગરની ૬ વ્યક્તિઓએ આબુ ખાતે મેરેથોનમાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૦

રાજયોગ શિક્ષણ સંશોધન ફાઉન્ડેશન, બ્રહ્માકુમારી સંસ્થા અમદાવાદ અંતર રનર્સ (એડીઆર) અને ગ્રુપ ઓફ રમતોવિંગ દ્વારા ફેબ્રુઆરી મહિનાના ત્રીજા રવિવારે દર વર્ષે માઉન્ટઆબુ ટ્રેઈલ અર્ધ મેરેથોનનું આયોજન કરેલ હતું.

આ મેરેથોન પોલો ગ્રાઉન્ડ આબુ રાજસ્થાનથી શરૂ થઈ હતી. ગત તારીખ ૧૭મી ફેબ્રુઆરી-૨૦૧૩ આ મેરેથોનમાં ભાગ લીધો હતો. જેમાં બી. સતીશ (સીઈઓ, કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન ગાંધીનગર) આઈ.કે. વાઘેલા (આર.એન્ડ.બી., ગુજરાત સરકાર) ફિરોઝ રાઠોડ (ઓટો મોબાઈલ વ્યાવસાયિક) મયુર થાનકી (કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન ગાંધીનગર), કેયુર કાસલીવાલા (હેડ. માર્કેટિંગ, સ્ટેલિયન સિસ્ટમો) અને દિપક સકસેના (જી.એમ.જી.એસ.પી.સી., ગાંધીનગર) આ મેરેથોનમાં ભાગ લીધો હતો.

તસવીર : દિપક જાની

ગાંધીનગર પ્રજાપિતા બ્રહ્માકુમારી કેન્દ્ર દ્વારા ગાંધીનગર શહેરની સડકો પર સકારાત્મક ચિંતન શિબિરની ભેટ સાથે પાંચ દિવસ સુધી શાંતિ એકસપ્રેસ દોડાવશે. આજે સવારે ૮ વાગે આ શાંતિ એકસપ્રેસનું પ્રસ્થાન ગાંધીનગરમાં થયું હતું અને તેણે નગરજનોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ શાંતિ એકસપ્રેસ પથિકાશ્રમ, ઘ-૨ સર્કલ, સે-૮માં આજે પરિભ્રમણ કર્યું હતું. સડક માર્ગ પર છુક-છુક કરતી આ શાંતિ એકસપ્રેસ સાથે ૨૪મીએ સમગ્ર શહેરમાં એક વાહન યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જે નગરજનોમાં વધુ આકર્ષણ જન્માવશે. આમ તો ૨૮મી ફેબ્રુઆરી સુધી આ શાંતિ એકસપ્રેસ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પરિભ્રમણ કરશે.

ગીફ્ટ આર્ટીકલની દુકાનમાં મધરાતે આગ લાગતા નાસભાગ

સે-૨૮માં દુકાનની ઉપર આવેલા ફલેટ માલિકે ફાયરબ્રિગેડ બોલાવી લીધી : ગીફ્ટનો સામાન બળીને ખાખ

તસવીર : નિકેશ બારોટ

ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટર-૨૮ ખાતે સ્થિત આરાધના સ્કુલની બાજુમાં આવેલા એપાર્ટમેન્ટ નીચેની ગીફ્ટ આર્ટીકલની દુકાનમાં રાત્રે એક વાગ્યે અચાનક કોઈ રીતે આગ ભડકી ઉઠી હતી. દુકાનની ઉપર આવેલા ફલેટમાં રહેતા લોકોએ દુકાનમાલિક અને ફાયર બ્રિગેડને જાણ કરતાં ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ તાબડતોબ સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. આ ઘટનામાં દુકાનમાં રહેલો ગીફ્ટ સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. સદભાગ્યે રાત્રે બનેલી આગ દુર્ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી. જો કે આગ લાગવા પાછળનું રહસ્ય પણ હજુ અકબંધ છે.

ગાંધીનગરના ગ-૬ થી ઘ-૬ જવાના માર્ગ પર સે-૨૮ આરાધના સ્કુલની બાજુમાં સ્થિત તુલશી એપાર્ટમેન્ટ આવેલું છે. આ એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફલોર પર સ્થિત શોપીંગ સેન્ટરમા તુલસી ગીફ્ટ આર્ટીકલ્સ એન્ડ પાર્લર દુકાન છે. તેના માલિકી બિપીનભાઈ પટેલ ગઈ કાલે મોડી સાંજે દુકાન બંધ કરીને ઘરે ગયા અને રાત્રે એક વાગ્યાના સુમારે તેમની દુકાનની ઉપર રહેતા ફલેટ માલિકનો કોલ આવ્યો. તુલસી પાર્લર એન્ડ ગીફ્ટ આર્ટીકલ્સ શોપમાં એકાએક આગ ભભુકી ઉઠતા ફલેટમાં નાસભાગ મચી ગઈ હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડને દુકાનમાં આગનો કોલ મળતાં ફાયર ઓફિસર મહેશ મોડ સ્ટાફના માણસો સાથે ફાયર ફાયટર લઈને ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવી લીધો હતો. દુકાન માલિકના જણાવ્યા પ્રમાણે તેમણે ઈલેકટ્રીસીટીની મેઈન સ્વીચ બંધ કરીને દુકાનનું શટર પાડયું હતું. તો શોર્ટ સર્કીટની શકયતા નહીવત હોવાનું સ્વાભાવિક છે. આગ કયાં કારણોસર લાગી તનું કારણ હજુ સ્પષ્ટ થઈ શકયું નથી. દુકાનમાં રહેલો ગીફ્ટ સહિતનો માલસામાન બળીને ખાખ થઈ જવા પામ્યો હતો. સદ્‌ભાગ્યે આ બનાવમાં કોઈ મોટું નુકશાન કે કોઈને ઈજાઓ થવા પામી નથી.

જિલ્લામાં થયેલી પોણા ત્રણસો ચોરીઓમાંથી માત્ર સો ઉકેલાઈ...!

૧૮ લુંટ અને ૧૬ બળાત્કારના બનાવો બન્યા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લામાં ફેબ્રુઆરી ૨૦૧૩ સુધી એક વર્ષમાં પોણા ત્રણ સો ચોરી, ૧૫ લુંટ અને ૧૬ બળાત્કારના ગુનાઓને ઉકેલવામાં જિલ્લા પોલીસને સફળતા મળી છે. જેમાં ૨૪ બળાત્કારીઓ, ૧૬૮ ચોરો અને ૩૮ લુંટારુંઓની પોલીસે ધરપકડ કરી છે.

ગાંધીનગર શહેરમાં ૫ અને જિલ્લામાં ૧૮ લુટના કિસ્સાઓ એક વર્ષમાં બનવા પામ્યા હતા તે ઉપરાંત શહેરમાં ૨૦૯ ચોરીઓ અને જિલ્લામાં ૨૭૩ ચોરીઓ તથા શહેરમાં ૫ બળાત્કાર અને જિલ્લામાં ૧૬ બળાત્કારના બનાવો પોલીસ ચોપડે નોંધાવા પામ્યા હતા. જે પૈકી ગાંધીનગર શહેરમાં થયેલી ચોરીઓમાંથી ૪૭, લુંટમાંથી ૪ અને બળાત્કારમાંથી ૫ ગુનાઓના ભેદ ઉકેલાયા છે. જેમાંથી ૧૨ લુંટારું, ૮૮ ચોરો અને ૬ બળાત્કારીઓની ધરપકડ કરવામાં આવી છે. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં ૧૮ લુંટ, ૨૭૩ ચોરી અને ૧૬ બળાત્કારના કિસ્સા પોલિસ ચોપડે નોંધાવા પામ્યા હતા. જે પૈકી ૧૫ લુંટ, ૯૯ ચોરી અને ૧૬ બળાત્કારના ગુનાઓના ભેદ ઉકેલવામાં જિલ્લા પોલીસને સફળતા મળી છે. જેમાં ૩૮ લુંટારુંઓ, ૧૬૮ ચોરો તથા ૨૪ બળાત્કારીઓની ધરપકડ કરવામાં આવી છે.

કોટેશ્વરના આધેડની ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર નજીકના કોટેશ્વર ગામમાં રહેતા ૫૫ વર્ષીય મનુજી ઠાકોરે રવિવારે મોડી રાત્રે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં આધેડને અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ગઈકાલે સાંજના અરસામાં તેનું મૃત્યુ થયું હતું. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

એલ.ડી.આર.પી. સંકુલમાં ગુજરાતી લઘુકથા પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ કડી, ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી લઘુકથા-પરિસંવાદનું એક દિવસીય કાર્યક્રમનું આયોજન આગામી તા. ૨૫ ફેબ્રુઆરી-૨૦૧૩ને સોમવારે કડી સર્વ વિશ્વ વિદ્યાલય, સે. ૧૫ ખાતે કરવામાં આવનાર છે.

આ સમારંભના ઉદ્‌ઘાટક પ્રસંગે બેઠકમાં અધ્યક્ષ તરીકે વલ્લભભાઈ એમ. પટેલ (પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર) મુખ્ય મહેમાન તરીકે ડૉ. કનુભાઈ ડી. પટેલ (વાઈસ ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર) તેમજ અતિથિવિશેષ તરીકે ડૉ. મણીભાઈ એસ. પટેલ (મંત્રીશ્રી સર્વવિદ્યાલય કેળવણી મંડળ, કડી રહેશે. જેની પ્રથમ બેઠકના ઉદ્‌ઘાટક તરીકે ડૉ. ઉત્પલ પટેલ જેમાં શ્રેષ્ઠ ગુજરાતી લઘુકથા પુસ્તક વિમોચન લઘુકથા-સ્વરૂપ-પરિચય અને ગુજરાતી લઘુકથા ઉપર પરિસંવાદ યોજાશે. જેની દ્વિતીય બેઠકમાં પસંદગીની લઘુકથાઓનું પઠન આસ્વાદ થશે. જેમાં લઘુ કથાકાર તરીકે પ્રેમજીભાઈ પટેલ, રમેશ ત્રિવેદી, ભગવત સુથાર. જેમાં તૃતીય બેઠકમાં સમાપન સમારોહનું આયોજન કરવામાં આવનાર છે. જેના અધ્યક્ષ તરીકે ડી.ટી. કાપડિયા (ડાયરેક્ટર, કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર) આ સમગ્ર કાર્યક્રમના કન્વિનર તરીકે ડૉ. આર. જે. વ્યાસ ((શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ કડી ગાંધીનગર) રહેશે.

ગજ્જર સુથાર સમાજ ગુજરાતનો ૬ઠ્ઠો સમૂહ લગ્નોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

ગજ્જર સુથાર સમાજ ગુજરાતનો ૬ઠ્ઠો સમૂહ લગ્નોત્સવ અને વિવિધ કાર્યક્રમ જલારામ મંદિર ધર્મજ (જિ. આણંદ) ખાતે તાજેતરમાં યોજાયો હતો. જેમાં સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ સમુહલગ્નમાં નવયુગલોને દાતાઓ તરફથી પાણેતર તથા સુટ સહિત અન્ય ભેટ સોગાદો આપવામાં આવી હતી. સમાજીક જાગૃતિના હેતુથી આ સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું.

વધુમાં સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સમુહલગ્ન દરમિયાન ધર્મેશભાઈ ગજ્જર દ્વારા રકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આમંત્રિત મહેમાનોએ સ્વેચ્છીક રકતદાન કર્યું હતું અને રકતની મોટી સંખ્યામાં બોટલો એકત્ર કરી હતી. આ પ્રસંગે ડાહ્યાભાઈ ગજ્જર, દિનેશભાઈ સુથાર, અમિતભાઈ ગજ્જર, અમૃતભાઈ ગજ્જર, ટી.એ. ગજ્જર, અરવિંદભાઈ સુથાર, હનુમાનભાઈ મીસ્ત્રી, ગુજરાત સુથાર સમાજના પ્રમુખ ઠાકોરભાઈ મીસ્ત્રી, ચંદ્રકાન્ત મીસ્ત્રી, સંજયભાઈ ગજ્જર, દિનેશભાઈ ગજ્જર, હસમુખભાઈ પંચોલી, નીતિનભાઈ પંચોલી, મુકેશ ગજ્જર સહિતના લોકોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. તેમજ ગુજરાતભરમાંની મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યના પુર્વ ધારાસભ્યો સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ આંદોલન પર

પેન્શન સહિતના અન્ય લાભોની માંગણી સાથે બે દિવસના ધરણા

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્ય સિવાયના અન્ય કેટલાક રાજ્યોના માજી ધારાસભ્યોને મળતા પેન્શન, સ્ટેશનરી ખર્ચ, મફત મુસાફરી સહિતના લાભો ગુજરાતના માજી ધારાસભ્યોને પણ મળે તેવી માંગણી સાથે આજથી બે દિવસ માટે રાજ્યના માજી ધારાસભ્યોએ ગાંધીનગર પથિકાશ્રમ સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ આંદોલન છેડ્યું છે. વિવિધ લાભોની માંગણી સાથે બે દિવસ માટે ધરણા શરૂ કરવામાં આવ્યા છે.

ગુજરાત રાજ્યના પુર્વ ધારાસભ્યો વિવિધ લાભોની માંગણીઓ સાથે આંદોલનમાં જોડાયા છે. જેમાં પુર્વ ધારાસભ્યોને પેન્શન બીલ મંજુર થયું હતું તે તારીખ (૧૯૮૮)થી માસીક રૂ. ૫ હજારનું પેન્શન આપવુ, ૧+૧ મફત એસ.ટી. મુસાફરીના બસ પાસ, વાર્ષિક ૨૦ હજાર કિ.મી. સેકન્ડ કલાસ એસી.ના મફત રેલવે પાસ અથવા રૂ. ૨૦ હજારની રેલવે મફત કુપન, રેલવે રિઝર્વેશનમાં અગ્રતા, રાહત દરના પ્લોટ્સ, ટોલનાકે લેવાતી ટોલ ફીમાં માફી, પેન્શન ઉપરાંત પગાર, ભથ્થા, ટપાલ, ટેલીફોન, પ્રવાસ, મેડીકલ વેગેરે ખર્ચ પેટે માસિક રૂ. ૫ હજારનું વધારાનું વેતન સહીતના લાભોની માંગણી કરવામાં આવી છે. તે ઉપરાંત અન્ય માંગણીઓમાં રોટેશન પ્રમાણે સભ્ય તરીકે સમાવેશ, મેડીકલ લાભ, ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે વરણી, ગુજરાત બહારના રાજ્ય સરકાર હસ્તકના ગુજરાત ભવનમાં રહેવા-ઉતરવા માટે વ્યવસ્થા, સહિતના વિવિધ લાભોનો પણ સમાવેશ થાય છે. આજે બુધવાર અને આવતીકાલે ગુરૂવારે બપોરે ૧૨ થી સાંજના ૫ વાગ્યા સુધી બે દિવસ માટેના ધરણા માજી ધારાસભ્યોએ શરૂ કર્યા છે.

ચક્ષુદાન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં રહેતા ૮૧ વર્ષિય વૃદ્ધા તારાબેન કાન્તિલાલ ફીરકીવાલાનું નિધન થતા તેમના પરિવારજનોની સંમતિથી અને ગાંધીનગર જુનિયર સિટિઝન કાઉન્સીલના સહયોગથી વૃદ્ધાની ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું.

શહેરના સેકટર-૫-એ પ્લોટ નં. ૩૭૪/૨ ખાતે રહેતા તારાબેન કાન્તિલાલ ફીરકીવાલાનું દુઃખદ અવસાન થતાં તેમના સ્નેહીજન યોગેશભાઈ ફિરકીવાલાએ જુનિયર સિટિઝન કાઉન્સીલના કાર્યકર દિલિપ દંતાણી અને નીલ પટેલની ઉપસ્થિતિમાં ચક્ષુદાન કર્યું હતું. તબિબિ સેવા મિનલબેન પારેખે આપી હતી.

ગાંધીનગર નિવૃત્ત કર્મચારી મહામંડળના પડતર પ્રશ્નોને લઈ સરકારમાં રજુઆત

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત સરકાર દ્વારા થતા નિવૃત્ત કર્મચરી મહામંડળને અન્યાય થતો હોવાની રજુઆત રાજ્ય સરકારને કરવામાં આવી છે. તેમાં ૩૦૦ રજાનો પરિપત્ર તેમજ સી.સી.સી.ની પરીક્ષામાંથી નિવૃત્તોને મુક્તિ આપી પરંતુ તેમાં ઉચ્ચ પગાર ધોરણથી વંચીત છે. તેની મુખ્યત્વે રજુઆત રાજ્ય સરકારને કરવામાં આવી છે.

ગુજરાત સરકાર દ્વારા થતા સરકારી પરિપત્રોને સ્પષ્ટતા વગરના ઉદ્દેશ્યથી નિવૃત્તોને ન્યાય મળતો નથી. સરકારે જે ૩૦૦ રજાનો પરિપત્રમાં સીસીસીની પરીક્ષામાંથી નિવૃત્તોને મુક્તિ આપી છે. પરંતુ તેમાં ઉચ્ચ પગાર ધોરણથી વંચિત રાખવામાં આવે છે. નિવૃત્ત કર્મચારીઓને તેમને ઉચ્ચ પગારનો લાભ આપવા અંગેની સ્પષ્ટતા થતી નથી. તેમજ નિવૃત્તોને મુક્તિ આપી પરંતુ ઉચ્ચત્તર પગારનો લાભ આપવો કે કેમ તેની સ્પષ્ટતા થતી નથી તેમજ જિલ્લા ફેર બદલીવાળા કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર આપવા અંગે હાઈકોર્ટ દ્વારા આદેશ થયો હોવા છતાં તેનો લાભ નિવૃત્તોને મળતો નથી. ગાંધીનગર વિભાગમાં ફાઈલો અટવાઈ ગઈ છે. આ સમગ્ર મામલે નિવૃત્ત કર્મચારીઓ સરકાર સમક્ષ અવારનવાર રજુઆત કરવા છતા પણ કોઈ ઉકેલ આવતો નથી. આ મામલે કોઈ ચોક્કસ ઉકેલ આવે તેમ ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મહામંડળ ઈચ્છી રહ્યું છે.

વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૩ માટે ૩.૪૬ કરોડનું ખર્ચ

ઉદ્યોગ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આજે ગુજરાત વિધાનસભામાં જણાવ્યું હતું કે, ગત ૧૧-૧૨-૧૩ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ ગાંધીનગર ખાતે આયોજીત વાયબ્રન્ટ ગુજરાત સમીટમાં થયેલ ખર્ચ પટે રૂ. ૩.૪૬ કરોડનું ચૂકવણું કરવામાં આવ્યું છે. આ સંદર્ભે બાકી બીલોનું ઓડીટ કરી નિયમાનુસાર રકમ ચૂકવવામાં આવશે.

મંત્રીશ્રીએ પ્રશ્નોત્તરી સમય દરમિયાન જણાવ્યું હતું કે, આ ખર્ચ અલગ અલગ હેડ હેઠળ અલગ અલગ ખર્ચ થયેલ છે. જેમાં પ્રિન્ટીંગ, સરભરા મીડિયામાં જાહેરાત જેવી બાબતોનો સમાવેશ થાય છે. વિદેશથી પધારેલા વિવિધ ડેલીગેશન પોતાના ખર્ચે જ ગુજરાત આવ્યા છે અને માત્ર એરપોર્ટ પર આવે ત્યારે પીપીપી પાર્ટનરશીપ હેઠળ તેમને માટે એક-બે દિવસ રહેવાનો જ ખર્ચ રાજ્ય સરકારે ભોગવ્યો છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૩

સૂર્યાસ્ત : ૬.૨૪

તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એબીસીડીઃ ઍની બોડી કેન ડાન્સ (૩ડી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
મર્ડર-૩ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
મર્ડર : ૧૦.૪૫
સ્પેશયલ-૨૬ : ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
સ્પેશ્યલ -૨૬ : ૧૦.૦૦, ૩.૧૫, ૯.૧૫
જયંતાભાઈ કી લવ સ્ટોરી : ૧૨.૪૫, ૬.૧૫

સૂર્યા, વાવોલ

મર્ડર -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જયંતાભાઈ કી લવ સ્ટોરી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મર્ડર-૩ : ૧૦.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
જયંતાભાઈ કી લવ સ્ટોરી : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સ્પેશ્યલ -૨૬ : ૭.૧૫

: સ્ક્રીન-૩ :
સ્પેશ્યલ- ૨૬ : ૧૦.૩૦, ૧.૦૦, ૧૦.૦૦
એબીસીડીઃ ઍની બોડી કેન ડાન્સ : ૪.૦૦, ૭.૦૦

ચિરાગ, કલોલ

મર્ડર-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- કલ્ચરલ ફોરમ દ્વારા વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે ગુજરાતી ગીત-ગઝલનો કાર્યક્રમ રાત્રે ૯.૩૦ કલાકે.

શૈક્ષણિક

- કલ્ચરલ ફોરમ દ્વારા વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે સવારે ૯.૩૦ કલાકે, ગાંધીનગર શહેરની ૨૧ શાળા-કોલેજોમાં ગુજરાતના જાણીતા સાહિત્યકારો વ્યાખ્યાન કાર્યક્રમ રાત્રે ૯.૩૦ કલાકે.

રમત-ગમત

- મુખ્ય પોસ્ટ માસ્તર જનરલ અને અધ્યક્ષ, ગુજરાત સર્કલ ડાક ખેલકૂદ બોર્ડ દ્વારા ૨૬મી અખિલ ભારતીય ડાક બાસ્કેટ બોલ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન સવારે ૧૦.૩૦ કલાકે, સેકટર-૧૫માં આવેલ પી.ટી. ઈન્ડોર સ્ટેડિયમ, ભારતીય ખેલ પ્રાધિકરણ ખાતે યોજાશે.

ધાર્મિક

- આજથી ૧ માર્ચ સુધી સેકટર-૧૩/સી વસાહત મંડળ ગાંધીનગર દ્વારા રામપરાયણ જ્ઞાનયજ્ઞ કથા બપોરે ૨.૦૦ કલાકે.
- વેદ ઈન્ટરનેશનલ સ્કુલમાં સુંદરકાંડ પાઠ સાંજે ૮.૩૦ કલાકે.

આપની આજ

મેષ : સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. શારીરિક પીડામાંથી રાહત મેળવી શકાય.

વૃષભ : કોટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છએ. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

મિથુન : વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

કર્ક : માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ-પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

સિંહ : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

કન્યા : કોટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

તુલા : નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે. સમય શુભ.

વૃશ્ચિક : સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે.

ધન : સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

મકર : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર અર્થે નવા રોકાણો થઈ શકે છે.

કુંભ : રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

મીન : આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. અમથીબેન મગનભાઈ પટેલ (ઉ.વ. ૭૦) પટેલવાસ, મુ.પો. મોટા ચિલોડા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. હંસાબેન રવીન્દ્રભાઈ રાઠોડ (ઉ.વ. ૩૨) નવો વણકરવાસ, મુ.પો. મોટી શિહોલી, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. તારાબેન કાન્તીલાલ ફરકીવાલા (ઉ.વ. ૮૧) પ્લોટ નં. ૩૭૪/૨, સેકટર-૫/એ, ગાંધીનગર.
- સ્વ. કનુબા બબાજી વાઘેલા(ઉ.વ. ૫૫) મુ.પો. લેકાવાડા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. મનહરલાલ દામોદરદાસ છનીયાર (ઉ.વ. ૮૬)પ્લોટ નં. ૨૦૮, એફ-૪, સુરભી એપાર્ટમેન્ટ, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. નારણજી જશાજી વણઝારા (ઉ.વ. ૪૫) મુ.પો. ધોળાકૂવા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. નટવરલાલ રેવાશંકર ઠાકર (ઉ.વ. ૭૮) પ્લોટ નં. ૫૮૧/૧, ૨-બી, યોગી જયોત ફલેટ, સેકટર-૩૦, ગાંધીનગર.